Extra No. 25

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, JULY 14, 2026 / ASHADHA 23, 1948**

Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.

PART I

CENTRAL SECTION

Government Notification and Appointments etc.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

જાહેરનામું

સેક્ટર-૧૦ એ, ગાંધીનગર, ૨૯મી ડિસેમ્બર, ૨૦૨૫

ક્રમાંકઃ GSSSB/2026/22 ભરતી/૧૦૨૦૨૫/૧૨૬/તાં-૨

૨. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તા. ૧૯-૦૭-૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંકઃ ૩૩૯/૨૦૨૫૨૬ અન્વયે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા નગર આયોજન અને મૂલ્યાંકન ખાતા હસ્તકના પ્લાનીંગ આસીસ્ટન્ટ, વર્ગ-૩ સંવર્ગની નીચે દર્શાવ્યા મુજબની કુલ-૧૨ જગ્યાઓ દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશથી ભરવા માટે ઓન-લાઈન અરજી પત્રકો મંગાવવામાં આવેલ હતા. જેના અનુસંધાને જાહેરાતમાં નીચે મુજબની જગ્યાઓનો સમાવેશ કરવામાં આવેલ હતો.

જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ	કુલ જગ્યાઓ	કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગતાના જુથ પ્રમાણે અનામત જગ્યાઓ				
		અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી	બધિર અને ઓછું સાંભળનાર	મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ	સ્વલીનતા બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી	બહેરાશ અંધત્વ સહિતની ખંડ (A) થી (D) હેઠળના એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ
		-	D, HH	OA, OL, OAL, CP, LC, Dw, AAV, SD, SI, BA*, BL*	SLD, MI (40-70%	MD
		A	B	C	D & E	
૩૩૯/૨૦૨૫૨૬ પ્લાનીંગ આસીસ્ટન્ટ વર્ગ-૩	૧૨	૦૦	૦૬	૦૧	૦૫	
કુલ	**૧૨**	**૦૦**	**૦૬**	**૦૧**	**૦૫**	

ઉક્ત જાહેરાત અન્વયે રજીસ્ટર્ડ-કન્ફર્મ થયેલ કુલ-૨૬ ઉમેદવારોના અરજીપત્રકોની પ્રાથમિક ચકાસણી કરતાં કુલ-૨૬ ઉમેદવારો આગળની ભરતી પ્રક્રિયા માટે લાયક ગણવાપાત્ર ઠરતાં, તેવા ઉમેદવારોની મંડળે નક્કી કરેલ MCQ-CBRT પદ્ધતિ મુજબ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવેલ હતી. જેમાં કુલ-૧૭ ઉમેદવારો પરીક્ષામાં હાજર રહેલ હતાં.

૩. ઉક્ત પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણની મર્યાદામાં ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ અને કેટેગરી વાઈઝ ભરવાની થતી ખાલી જગ્યાના પ્રમાણમાં પસંદગી તથા પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારોની યાદી બનાવીને તેવા ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને અંતે પરિણામ પ્રસિદ્ધ કરવાનું નક્કી કરવામાં આવતાં તે મુજબ કુલ-૦૧ સંભવિત ઉમેદવારની યાદી તથા કુલ-૨ સંભવિત ઉમેદવારોની પ્રતિક્ષાયાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. ઉક્ત યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારને મંડળની કચેરી ખાતે રૂબરૂ બોલાવીને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૮/૧૨/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃ GH/V/206 OF 2014/ BHRT/102013/3351/V થી પ્લાનીંગ આસીસ્ટન્ટ સંવર્ગ માટે નિયત કરવામાં આવેલ ભરતી નિયમો મુજબ કેટેગરી વાઈઝ વય-મર્યાદા, જાતિ, શૈક્ષણિક લાયકાત વગેરે વિગતો કે જે ઉમેદવારોએ ઓન-લાઈન અરજીપત્રકમાં દર્શાવેલ, તેની અસલ પ્રમાણપત્રોની સાથે ચકાસણી કરવામાં આવેલ હતી. પ્રમાણપત્રોની ચકાસણીને અંતે લાયક ઠરેલ ઉમેદવારો પૈકી કુલ-૦૧ ઉમેદવારોની પસંદગી યાદી તથા કુલ-૦૨ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી બનાવીને પ્રસિદ્ધ કરવામાં આવે છે. પસંદગી યાદીમાં સ્થાન પામેલ ઉમેદવારને નિમણૂંક માટેની આગળની કાર્યવાહી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળની ખાતાના વડાની કચેરી નગર આયોજન અને મૂલ્યાંકન ખાતાની કચેરીને ફાળવી આપવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર હસ્તક આથી મુકવામાં આવે છે.

પસંદગી યાદી

Merit No.	Roll No.	Full Name	Gender	Category	PH Group	Allotted Office	Treated as
1	339000023	SIDDHARTH DHARMESHBHAI MARU	M	SEBC	Group- C	નગર આયોજન અને મૂલ્યાંકન ખાતાની કચેરી, ગાંધીનગર	PH-Gr. C-1

પ્રતિક્ષાયાદી

Merit No.	Roll No.	Full Name	Gender	Category	PH Group	Treated as
1	339000007	HETKUMAR MAHESHBHAI JOSHI	M	General(EWS)	Group- C	PH-Gr. C-1
2	339000026	YASHKUMAR KODARBHAI CHAUDHARI	M	SEBC	Group- C	PH-Gr. C-2

૪. ઉપર મુજબની વિગતે પસંદગી/પ્રતિક્ષા યાદીમાં દિવ્યાંગતાના ગ્રુપવાઈઝ નીચે દર્શાવ્યા મુજબના ઉમેદવારો સ્થાન પામેલ છે.

યાદી	કુલ ઉમેદવારો	શારિરીક અશક્ત (દિવ્યાંગ)	A	B	C	D & E
પસંદગી યાદી	૦૧	૦૧	૦૦	૦૦	૦૧	૦૦
પ્રતિક્ષા યાદી	૦૨	૦૨	૦૦	૦૦	૦૨	૦૦

(૧) શારીરિક અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો માટેની Group-A માં અનામત જગ્યા ન હોય, ભરવાની થતી નથી.

(૨) શારીરિક અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો માટેની Group-B ની કુલ-૦૬ જગ્યા સામે લઘુત્તમ લાયકી ગુણની મર્યાદામાં એક પણ ઉમેદવાર ઉપલબ્ધ થયેલ નથી. તેથી આ કેટેગરીમાં ૦૬ જગ્યા ખાલી રહેવા પામેલ છે. આમ, આ કેટેગરીમાં લઘુત્તમ લાયકી ગુણની મર્યાદામાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે આ કેટેગરીમાં પસંદગી/પ્રતિક્ષા યાદી બની શકેલ નથી.

(૩) શારીરિક અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો માટેની Group-C ની કુલ-૦૧ જગ્યા સામે લઘુત્તમ લાયકી ગુણની મર્યાદામાં ૦૧ ઉમેદવાર ઉપલબ્ધ થાય છે. આમ, આ કેટેગરીમાં ૦૧ ઉમેદવારનો સમાવેશ પસંદગી યાદીમાં કરવામાં આવેલ છે અને મેરીટ ક્રમે આવતા અન્ય ૦૨ ઉમેદવારોનો સમાવેશ પ્રતિક્ષા યાદીમાં કરવામાં આવેલ છે.

(૪) શારીરિક અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો માટેની Group-D & E ની કુલ-૦૫ જગ્યા સામે લઘુત્તમ લાયકી ગુણની મર્યાદામાં એકપણ ઉમેદવાર ઉપલબ્ધ થયેલ નથી. તેથી આ કેટેગરીની તમામ કુલ-૦૫ જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે અને પૂરતા લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે આ કેટેગરીમાં પસંદગી/પ્રતિક્ષા યાદી બની શકેલ નથી.

૫. ઉક્ત પસંદગી યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોની નિમણૂંક જાહેરાતમાં નિયત થયેલ તા. ૦૪/૦૮/૨૦૨૫ની સ્થિતિએ આ સંવર્ગના ભરતી નિયમો મુજબ તેઓ વયમર્યાદા, જાતિ, શૈક્ષણિક લાયકાત, કેટેગરી અને કેટેગરી મુજબની વયમર્યાદાની યોગ્યતા ધરાવે છે, તે તેઓના અસલ પ્રમાણપત્રોની ખરાઈને આધીન રહેશે. પ્રસ્તુત પસંદગી યાદીમાં ઉમેદવારના નામનો સમાવેશ થવાથી તેમને આપોઆપ નિમણૂંકનો હક્ક પ્રાપ્ત થઈ જતો નથી.

સ્થળ: ગાંધીનગર **કેયુર જેઠવા,**

તારીખ: ૦૮/૦૭/૨૦૨૬ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.07.21 18:37:12 IST